Upload 16 10 2024 National 1.20am (NSD) Afternoon -1

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 16-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

1) ઇસ્લામાબાદમાં આયોજીત શાંઘાઇ સહયોગ સંગઠનની બેઠકમાં વિદેશ મંત્રી એસ.જયશંકરનું સંબોધન..
2) જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી તરીકે નેશનલ કોન્ફરન્સના ઓમર અબ્દુલ્લાએ શપથગ્રહણ કર્યા
3) હરિયાણાના મુખ્યમંત્રી તરીકે નાયબસિંહ સૈની આવતીકાલે શપથગ્રહણ કરશે.
4) પરાળી બાળવાના મામલે આદેશોનું ઉલ્લંઘન કરવા બદલ હરિયાણા અને પંજાબ સરકાર પાસે સુપ્રિમ કોર્ટે જવાબ માગ્યો.
5) કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું છે કે વિશ્વના કુલ ડિજિટલ વ્યવહારોમાંથી 46 ટકા ભારતમાં થાય છે.
6) આ વર્ષે ત્રણ લાખથી વધુ ભારતીય પ્રવાસીઓએ શ્રીલંકાની મુલાકાત લેતાં શ્રીલંકાના પ્રવાસન ઉદ્યોગને ફાયદો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

***SCO JAISHANKAR*-1**

શાંઘાઈ સહયોગ સંગઠનની 23મી બેઠક પાકિસ્તાનના ઇસ્લામાબાદ ખાતે શરૂ થઈ ગઈ છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે વિદેશ મંત્રીનું સ્વાગત કર્યું હતું. ભારત શાંઘાઈ સહયોગ સંગઠનના વર્તમાન માળખામાં સક્રિય રીતે સંકળાયેલું છે. તેમજ સંગઠનની વિવિધ પ્રણાલીઓ અને પહેલમાં ભાગ લેતું રહ્યું છે.

શાંઘાઈ સહયોગ સંગઠનની સરકારના વડાઓની પરિષદની બેઠક દર વર્ષે યોજાય છે, જેમાં સંગઠનની વેપાર અને આર્થિક કાર્યસૂચિ અંગે ચર્ચા થાય છે. આ પહેલા ડૉ. જયશંકરે આજે સવારે એક પેડ માં કે નામ અભિયાન હેઠળ ભારતીય હાઈ કમિશનમાં અર્જૂન વૃક્ષના છોડનું વાવેતર કર્યું.

## *SCO JAYSHANKAR*-2

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે શાંઘાઈ સહયોગ સંગઠન દરમિયાન મોંગોલિયન પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી હતી. તેમણે એકસ હેન્ડલ પર આ મીટિંગનું ચિત્રાત્મક વર્ણન પોસ્ટ કરતાં લખ્યુ છે કે અમે બંનેએ દ્વિપક્ષીય ભાગીદારીને મજબૂત કરવા પર ચર્ચા કરી. SCO સંમેલનમાં ભાગ લેવા માટે ગઇકાલે મંગોલિયાના પ્રધાનમંત્રીને મળીને આનંદ થયો તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

વિદેશ મંત્રી જયશંકર પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ પહોંચ્યા. જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જયશંકર રાત્રે SCO પ્રતિનિધિઓ માટે આયોજિત રાત્રિભોજનમાં પાકિસ્તાનના પ્રધાનમંત્રી શાહબાઝ શરીફને મળ્યા હતા. બંનેએ એકબીજા સાથે હાથ મિલાવ્યા હતા અને ખૂબ જ ટૂંકી વાતચીત કરી હતી, ભારતે પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું છે કે, જયશંકરની મુલાકાતનો હેતુ પાકિસ્તાન સાથેના દ્વિપક્ષીય સંબંધોને સુધારવાનો નથી.

## *REV DAY JK SWEARING IN*

નેશનલ કૉન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી તરીકે આજે શપથગ્રહણ કર્યા છે. શ્રીનગરના શેર-એ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્ર ખાતે યોજાયેલા સમારોહમાં ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાએ શ્રી અબ્દુલ્લા અને તેમના મંત્રીપરિષદને શપથ લેવડાવ્યા હતા. આ સમારોહમાં સુરેન્દ્ર ચૌધરીએ નાયબ મુખ્યમંત્રી પદના, સકીના ઈટ્ટુ અને જાવેદ રાણાએ મંત્રી પદના શપથ લીધા હતા.

આ સમારોહમાં કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, સમાજવાદી પક્ષના અધ્યક્ષ અખિલેશ યાદવ અને ભારતીય જનતા પક્ષના અન્ય નેતા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં 10 વર્ષ બાદ આ વખતે વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. કૉંગ્રેસ પક્ષે ઓમર અબ્દુલ્લાની સરકારના બહારથી સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. નવી સરકારમાં કૉંગ્રેસ સામેલ નહીં હોય.

## *HARIYANA NEW GOVT PREPARATION*

હરિયાણામાં આજે નવી સરકારની રચના માટેની પ્રક્રિયા શરૂ થશે. રાજ્યમાં ભારતીય જનતા પક્ષે સતત ત્રીજી વખત સરકાર બનાવી રહી છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં કાર્યકારી મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીને ભાજપ ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરવાની ઔપચારિકતા પૂર્ણ કરાશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આવતીકાલે નાયબ સૈની બીજી વખત મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરશે. શ્રી સૈનીએ ગઈકાલે નવી સરકારના શપથગ્રહણ

સમારોહની તૈયારીની સમીક્ષા પણ કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવની ઉપસ્થિતિમાં યોજાનારી ભાજપ ધારાસભ્ય દળની બેઠક અંગેની તમામ તૈયારી પૂર્ણ થઈ ગઈ છે.

આજે યોજાનારી બેઠક બાદ રાજ્યપાલને મંત્રીપરિષદમાં સામેલ ધારાસભ્યોની યાદી સોંપવામાં આવશે. ત્યારબાદ રાજ્યપાલ આવતીકાલે શપથગ્રહણ માટે નાયબ સૈની અને મંત્રીઓને નિમંત્રણ આપશે.

## *SC -STUBBLE BURNING*

સુપ્રિમ કોર્ટે આજે હરિયાણા અને પંજાબ રાજ્ય સરકારોની પરાળી બાળવાના મુદ્દે ટીકા કરી હતી.. સર્વોચ્ચ અદાલતના વાયુ પ્રદૂષણ સંબંધિત તેના અગાઉના આદેશોનું પાલન ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે આકરી ટીકા કરી હતી. જસ્ટિસ અભય એસ ઓકાની આગેવાની હેઠળની બેંચે કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ નિર્દેશ આપતા જણાવ્યું હતું કે પર્યાવરણના મામલે અતિગંભીર એવા આ આદેશનુ ઉલ્લંઘન કરનારા સામે પગલાં લેવામાં આવે.. આદેશના પાલનની નિષ્ફળતા બદલ હરિયાણા સરકારના અધિકારીઓ સામે દંડાત્મક પગલાં લેવાનો પણ સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો હતો. દંડાત્મક પગલાં લેવા માટે સર્વોચ્ચ અદાલતે એક અઠવાડિયાની સમયમર્યાદા નક્કી કરી છે.

સર્વોચ્ચ અદાલતે હરિયાણાના મુખ્ય સચિવને 23મી ઓક્ટોબરે હાજર રહેવા સમન્સ પાઠવ્યું હતું. તેણે પંજાબના મુખ્ય સચિવને આગામી બુધવારે કોર્ટમાં હાજર રહેવા અને આદેશનું પાલન ન કરવા અને અધિકારીઓ સામે શા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તેનો જવાબ માંગ્યો છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## *SCINDIA - DIGITAL TRANSACTION*

કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું છે કે વિશ્વના કુલ ડિજિટલ વ્યવહારોમાંથી 46 ટકા ભારતમાં થાય છે.

આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે આંતરરાષ્ટ્રીય 6G સિમ્પોઝિયમના ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી સિંધિયાએ જણાવ્યું છે કે આ વર્ષે ઓગસ્ટમાં UPI પર 275 બિલિયન ડૉલરના લગભગ 1.5 બિલિયન વ્યવહારો થયા હતા. તેમણે દરેક નાગરિક માટે સાયબર સુરક્ષા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત 6G ટેકનોલોજીમાં વિશ્વનું નેતૃત્વ કરશે. શ્રી સિંધિયાએ કહ્યું કે, ડિજિટલ ઈન્ડિયા સબકા સાથ, સબકા વિકાસ સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસના મૂળભૂત પરિસર પર આધારિત છે.

## *INDIAN TOURISTS- SRI LANKA*

આ વર્ષે ત્રણ લાખથી વધુ ભારતીય પ્રવાસીઓએ શ્રીલંકાની મુલાકાત લીધી, જેના કારણે ભારત ત્યાંના પ્રવાસન માટેનું સૌથી મોટું બજાર બન્યું.

શ્રીલંકા પર્યટન વિકાસ સત્તામંડળે જાહેર કરેલા આંકડા અનુસાર આ વર્ષે ઓક્ટોબરના મધ્ય સુધીમાં 15 લાખથી વધુ પ્રવાસીઓએ શ્રીલંકાની મુલાકાત લીધી

છે. પ્રવાસીઓની દ્રષ્ટિએ ભારત પછી બ્રિટન, રશિયા અને જર્મની આગામી ત્રણ સ્થાને છે જ્યારે ચીન પાંચમા સ્થાને છે.

અમારા કોલંબો સંવાદદાતા અહેવાલ આપે છે કે તાજેતરના વર્ષોમાં ભારત અને શ્રીલંકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોનું એક મહત્વપૂર્ણ પાસું રહ્યું છે. એક તરફ નિયમિત ઉડાનો અને બીજી તરફ ફેરી સેવાઓ ફરી શરૂ થવાથી બંને દેશ વચ્ચે મુસાફરી સરળ અને સુવિધાજનક બની છે.

પ્રવાસન એ ત્યાંના ટોચના વિદેશી આવક ઉત્પાદકોમાંનું એક છે. શ્રીલંકાના પ્રવાસન અધિકારીઓએ ગયા મહિને કહ્યું હતું કે તેઓ વર્ષ 2025માં 30 લાખ જેટલાં વિદેશી પ્રવાસીઓના આગમનની અપેક્ષા રાખે છે. જે પ્રવાસન ઉદ્યોગને કોવિડ પહેલાના સ્તરે લઈ જશે.

## *REV.DENMARK OPEN BADMINTON*

બેડમિન્ટનમાં, ભારતના સતીશ કુમાર કરુણાકરન અને ઉન્નતિ હુડા આજે ડેનમાર્કના ઓડેન્સમાં ડેનમાર્ક ઓપન સ્પર્ધામાં રમશે.

કરુણાકરન પુરૂષ સિંગલ્સના રાઉન્ડ-32માં તાઈવાનની સુ લી યાંગ સામે રમશે, જ્યારે આજે સાંજે મહિલા સિંગલ્સના રાઉન્ડ-32માં ઉન્નત હુડાનો સામનો અમેરિકાની લોરેન લેમ સામે થશે.

મહિલા ડબલ્સના પ્રથમ રાઉન્ડમાં આજે બપોરે ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય જોડીનો મુકાબલો મલેશિયાની થિન્ના મુરલીધરન અને પર્લી ટેન સામે થશે. મિક્સ ડબલ્સમાં એન સિક્કી રેડ્ડી અને બી સુમિત રેડ્ડીની જોડી આજે કેવિન લી અને એડવર્ડ ઝાંગની કેનેડિયન જોડી સામે રમશે.

બે વખતના ઓલિમ્પિક ચંદ્રક વિજેતા પી.વી. સિંધુ પોતાની હરીફ ચીની તાઈપેની પાઈ યુ પોને હરાવીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયા છે. પાઈ યુ

પોએ ઈજાના કારણે મેચ છોડવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે પાઈ યુ પોએ મેચ છોડી ત્યારે સિંધુ 21-8, 13-7થી આગળ હતા.

## *PM NSG RISING DAY*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય સલામતી દળ – NSGને તેમની સ્થાપના દિવસ નિમિત્તે શુભુચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, 'આપણા દેશની સલામતીમાં અતૂટ સમર્પણ, સાહસ અને દ્રઢ સંકલ્પ માટે તમામ NSG કર્મચારીઓને દેશ સલામ કરે છે.' શ્રી મોદીએ કહ્યું, દેશને જોખમોથી બચાવવા માટે NSGની પ્રતિબદ્ધતા પ્રશંસનીય છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (NSG)ને તેમના સ્થાપના દિવસ પર શુભેચ્છા પાઠવી છે.

સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, શ્રી શાહે કહ્યું કે, NSG 'સર્વત્ર સર્વોત્તમ સુરક્ષા' ના સૂત્ર પર જીવી રહ્યું છે. તેમણે કહ્યું કે એનએસજીએ ઝડપી પ્રતિભાવ, વ્યૂહાત્મક પગલાં, અને દોષરહિત ચોકસાઈમાં નોંધપાત્ર કુશળતા સાથે રાષ્ટ્રીય સુરક્ષાને સતત મજબૂત બનાવી છે. તેમણે બહાદુર NSG જવાનોને પણ સલામ કરી જેમણે ફરજ પર પોતાના જીવનનું બલિદાન આપ્યું.

## *ISREAL DEPLOMATE AYODHYA*

ભારતમાં, ઇઝરાયલના રાજદૂત રુવેન અઝારે, આજે અહીં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં રામલાલની મુલાકાત લીધી હતી. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય પણ, તેમની સાથે હતા. ભગવાન શ્રી રામના દર્શન કરીને

ભાવુક થયેલા અઝરે કહ્યું કે, અયોધ્યામાં ભગવાન રામના આ ભવ્ય મંદિરને જોઈને, હું સન્માનની લાગણી અનુભવી રહ્યો છું.

તેમણે કહ્યું કે, અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા જોઈને તેઓ પ્રભાવિત થયા છે. આ હિંદુ આસ્થા માટે આ સ્થળ મહત્વપૂર્ણ છે. રુવેન અઝારે કહ્યું કે, ભારતની જેમ ઈઝરાયલની પણ પોતાની પ્રાચીન ધાર્મિક વિરાસત છે. ખરેખર ભક્તિ દ્વારા જ શક્તિ મળે છે. તેઓ ભગવાન રામ પ્રત્યે તીર્થયાત્રીઓની ભક્તિથી પ્રભાવિત છે. શ્રી રામજન્મભૂમિ પર પહોંચવા પર, ટ્રસ્ટે રૂવેન અઝરનું સ્વાગત કર્યું અને સ્મૃતિચિહ્ન અને પ્રસાદ અર્પણ કર્યો. આ પ્રસંગે ટ્રસ્ટી ડો.અનિલ મિશ્રા પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમને મંદિરના નિર્માણ માટે નાખવામાં આવી રહેલા પથ્થરો પણ બતાવવામાં આવ્યા હતા.